# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. ઇટાલી સહિતના પાંચ રાષ્ટ્રોનો પ્રવાસ પૂર્ણ કરીને પ્રધાનમંત્રી સ્વદેશ પરત ફર્યા
2. તમિલનાડુમાં, સી. જોસેફ વિજય સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ
3. કેન્દ્રીય માર્ગ અને પરિવહનમંત્રી નીતિન ગડકરીએ ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમના વિવિધ રાજમાર્ગોની ગુણવત્તા અને જાળવણી પ્રગતિની સમીક્ષા કરી
4. તમામ મદરેસામાં પ્રાર્થના ગીત તરીકે વંદે માતરમ ફરજિયાત ગાવાનો પશ્ચિમ બંગાળ સરકારનો આદેશ
5. IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સનો અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે મૂકાબલો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM RETURN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાંચ દેશોના તેમના સત્તાવાર પ્રવાસના અંતિમ તબક્કામાં ઇટાલીની મુલાકાત સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી નવી દિલ્હી પરત ફર્યા છે. ભારત અને ઇટાલીએ ગઈકાલે દ્વિપક્ષીય સંબંધોમાં એક મોટું પગલું ભરતા તેમના સંબંધોને ખાસ વ્યૂહાત્મક ભાગીદારીમાં અપગ્રેડ કરવાની જાહેરાત કરી હતી.

બંને દેશોએ કૃષિ, મહત્વપૂર્ણ ખનિજો, આયુર્વેદ, વિજ્ઞાન અને ટેકનોલોજી અને ભારતથી ઇટાલીમાં ભારતીય નર્સોની ગતિશીલતા સહિત અનેક ક્ષેત્રોમાં કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. બંને દેશોએ કર ગુનાઓ, મની લોન્ડરિંગ અને આતંકવાદી ભંડોળને રોકવા માટેના કરાર પર પણ હસ્તાક્ષર કર્યા હતા.

રોમમાં તેમના ઇટાલિયન સમકક્ષ, જ્યોર્જિયા મેલોની સાથે સંયુક્ત પ્રેસ નિવેદનમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ઇટાલી ડિઝાઇન અને તેની ચોકસાઇ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે, અને ભારતની ઓળખ સ્કેલ, પ્રતિભા અને નવીનતાના પાવરહાઉસ તરીકે છે.

**(BYTE: NARENDRA MODI, PM)**

# FUR. REV. TN-SWEARING IN

તમિલનાડુમાં સી. જોસેફ વિજયની આગેવાની હેઠળની સરકારે તેના મંત્રીમંડલનું વિસ્તરણ કર્યું. જેમાં કોંગ્રેસ પક્ષના બે સભ્યો સહિત ત્રેવીસ નવા મંત્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો. આ સાથે, મંત્રીમંડળની સંખ્યા વધીને 32 થઈ ગઈ છે, જેમાં મુખ્યમંત્રી સી. જોસેફ વિજયનો સમાવેશ થાય છે. કોંગ્રેસ હવે લગભગ છ દાયકા પછી રાજ્ય મંત્રીમંડળમાં પાછી ફરી છે. નવા મંત્રીમંડળમાં ચાર મહિલા મંત્રીઓનો પણ સમાવેશ કરાયો છે. રાજ્યપાલ વિશ્વનાથ આર્લેકરે આજે લોકભવનમાં નવા મંત્રીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. આ પ્રસંગે સરકારને ટેકો આપનારા ગઠબંધન પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા.

# ASSAM ASSEMBLY

16મી આસામ વિધાનસભાનું પહેલું સત્ર આજે બંધારણીય પરંપરા અને ભાષાકીય સમાવેશકતા પર ભાર મૂકતા શરૂ થયું. પ્રો-ટેમ સ્પીકર ચંદ્ર મોહન પટોવારીએ ગૃહની અધ્યક્ષતા કરી અને નવા ચૂંટાયેલા સભ્યોને શપથ લેવડાવ્યા. એક મહત્વપૂર્ણ પગલામાં, આસામના વિવિધ ભાષાકીય વારસાને માન આપવા માટે મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાની વિનંતીને પગલે વિધાનસભાએ આદિવાસી ધારાસભ્યોને તેમની માતૃભાષામાં શપથ લેવાની મંજૂરી આપી.

મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા શપથ લેનારા પ્રથમ હતા, ત્યારબાદ કેબિનેટ મંત્રીઓ શપથ લીધા. વિધાનસભા સત્ર આ મહિનાની 26મી તારીખ સુધી ચાલુ રહેશે. રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્ય આવતીકાલે ગૃહને સંબોધિત કરશે.

# GADKARI HIGHWAY MEETING

કેન્દ્રીય માર્ગ અને પરિવહનમંત્રી નીતિન ગડકરીએ નવી દિલ્હીમાં ત્રિપુરા, અરુણાચલ પ્રદેશ અને સિક્કિમના વિવિધ રાજમાર્ગોની ગુણવત્તા અને જાળવણી પ્રગતિની સમીક્ષા કરી. તેમણે ટકાઉ, કાર્યક્ષમ રાજમાર્ગો સુનિશ્ચિત કરવા માટે સમયસર અમલીકરણ અને અદ્યતન તકનીકોનો સ્વીકાર કરવા પર ભાર મૂક્યો જેથી જોડાણ અને મુસાફરોની સુવિધાને મજબૂત બનાવી શકાય.

મંત્રીએ અધિકારીઓને માર્ગ સલામતી અને ટકાઉપણું જાળવી રાખવા માટે નિવારક પગલાં અને મજબૂત પ્રતિભાવ પ્રણાલીઓ સાથે ચોમાસાની સંપૂર્ણ તૈયારી સુનિશ્ચિત કરવા પણ નિર્દેશ આપ્યો.

# RAJNATH SOUTH KOREA MEMORIAL

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને દક્ષિણ કોરિયાના દેશભકતી અને વયોવૃદ્ધ બાબતોના મંત્રી ક્વોન ઓહ-યુલે આજે સિઓલના ભારતીય યુદ્ધ સ્મારકનું સંયુક્ત રીતે ઉદ્ઘાટન કર્યું. કોરિયન યુદ્ધનાં 75 વર્ષ નિમિત્તે સ્મારક કાર્યક્રમોના ભાગ રૂપે બનાવવામાં આવેલ, આ સ્મારક ભારતીય સેનાની 60 પેરા ફિલ્ડ એમ્બ્યુલન્સ અને યુદ્ધ દરમિયાન ભારતના કસ્ટોડિયન ફોર્સ દ્વારા પ્રદર્શિત કરાયેલી હિંમત, બલિદાન અને માનવતાવાદી સેવાને શ્રદ્ધાંજલિ સ્વરૂપે રજૂ કરવામાં આવ્યું છે.

પોતાના ભાષણમાં, સંરક્ષણ મંત્રીએ કોરિયન દ્વીપકલ્પ પર શાંતિ અને માનવતાવાદી સહાયમાં ભારતના યોગદાનને યાદ કર્યું. તેમણે બંને દેશો વચ્ચેના ઐતિહાસિક સંબંધનો પણ ઉલ્લેખ કર્યો  છે.

દક્ષિણ કોરિયાના દેશભક્તો અને વેટરન્સ બાબતોના પ્રધાને કોરિયન યુદ્ધ દરમિયાન ભારતની ભૂમિકાની પ્રશંસા કરી. અહીં  એક સમજૂતી કરાર પર પણ હસ્તાક્ષર થયા.

# NADDA - TB

ભારતે ક્ષય રોગને નાબૂદ કરવા માટે વિશ્વનો સૌથી મોટો સ્ક્રીનીંગ અને પ્રારંભિક તપાસ કાર્યક્રમ શરૂ કર્યો. આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ જીનીવામાં વિશ્વ આરોગ્ય સભાના 79મા સત્ર દરમિયાન "ફેફસાંના આરોગ્ય તપાસ પર મંત્રી પરિપ્રેક્ષ્ય" પર એક કાર્યક્રમમાં સંબોધન કરતાં આમ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે દેશમાં ટીબી અને અન્ય ફેફસાંના રોગો માટે આધુનિક પરીક્ષણ સુવિધાઓનો નોંધપાત્ર રીતે વિસ્તાર કરવામાં આવ્યો છે.

આ સાથે ખાસ કરીને અંતરિયાળ અને પછાત વિસ્તારોમાં પરીક્ષણમાં વિલંબ ઘટાડવા, મોલેક્યુલર પરીક્ષણ પ્લેટફોર્મ, છાતીના ડિજિટલ એક્સ-રે, એઆઈ-આધારિત ડાયગ્નોસ્ટિક ટૂલ્સ અને સ્ક્રીનીંગ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# 1 NATION 1 ELECTION COMMITTEE

એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ – JPCના સભ્યોએ આજે ગુજરાતના ગાંધીનગરમાં બાર કાઉન્સિલ ઑફ ગુજરાતના પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી. રાજ્યના પ્રવાસના ત્રીજા અને છેલ્લા દિવસે સમિતિના સભ્યોએ ગિફ્ટ સિટી ક્લબ ખાતે આ પ્રતિનિધિમંડળ સાથે વિવિધ મુદ્દા પર ચર્ચા કરી. હવે વરિષ્ઠ પત્રકારો સાથે સંવાદ કર્યા બાદ સમિતિ બપોરે પત્રકાર પરિષદને સંબોધશે.

ઉલ્લેખનીય છે કે, એક રાષ્ટ્ર એક ચૂંટણી વિધેયક અંગે ગુજરાતનો મત જાણવા લોકસભા સાંસદ પી. પી. ચૌધરીના વડપણ હેઠળની JPCના સભ્યો મંગળવારથી ગુજરાતના પ્રવાસે છે. ગઈકાલે ગુજરાત સરકારે આ વિધેયકને સંપૂર્ણ સમર્થન જાહેર કર્યું હતું.

# UPSC - CENTRES

કેન્દ્રીય જાહેર સેવા આયોગ - UPSC એ ભુવનેશ્વર, કાનપુર અને મેરઠ ખાતે ત્રણ નવા પરીક્ષા કેન્દ્રો શરૂ કર્યા છે. સિવિલ સર્વિસીસની પ્રિલિમિનરી પરીક્ષા-2026 માટે પરીક્ષા કેન્દ્રો પર ભીડ ઓછી કરવાના પ્રયાસરૂપે આ કેન્દ્ર શરૂ કરાયા છે.

આ કેન્દ્રોના ઉમેરા સાથે, પ્રિલિમિનરી પરીક્ષા માટેના કુલ કેન્દ્રોની સંખ્યા 80 થી વધીને 83 થઈ ગઈ છે. UPSC અનુસાર, લગભગ 23 હજાર ઉમેદવારોએ આ નવા કેન્દ્રો પર અરજી કરી છે. UPSC ને આ વર્ષે સિવિલ સર્વિસીસની પ્રારંભિક પરીક્ષા  માટે કુલ આઠ લાખ 19 હજારથી વધુ અરજીઓ મળી છે.

# GOVT - COSMETIC PRODUCT

ગ્રાહકો, વ્યાવસાયિકો અને સૌંદર્યલક્ષી ક્લિનિક્સ દ્વારા કોઈપણ કોસ્મેટિક પ્રોડક્ટનો ઇન્જેક્શન તરીકે ઉપયોગ કરવાની પરવાનગી નહીં હોવાનું સરકારે જણાવ્યું છે. કેન્દ્રીય ડ્રગ્સ માનક નિયંત્રણ સંસ્થા CDSCO એ કહ્યું કે કોસ્મેટિક્સ ફક્ત માનવ શરીર પર બહારથી જ ઉપયોગ કરવા માટે છે તેના વેચાણ અને વિતરણ માટે કોસ્મેટિક્સનું ઉત્પાદન અને આયાત કોસ્મેટિક્સ નિયમો, 2020 ની જોગવાઈઓ હેઠળ નિયંત્રિત થાય છે.

સંસ્થાએ કહ્યું કે કોસ્મેટિક્સ ફક્ત સફાઈ, સુંદરતાને પ્રોત્સાહન આપવા અથવા માનવ શરીરના દેખાવમાં ફેરફાર કરવા માટે છે., કોસ્મેટિક્સ ઉત્પાદનોમાં પ્રતિબંધિત ઘટકોનો ઉપયોગ, લેબલ પર ભ્રામક દાવાઓ, સારવાર માટે કોસ્મેટિક્સનો ઉપયોગ અને ઇન્જેક્શન દ્વારા કોસ્મેટિક્સનો ઉપયોગ કાયદા અને નિયમોનું ઉલ્લંઘન છે.

# WB-VANDEMATARAM MANDITORY

પશ્ચિમ બંગાળ સરકારે જાહેરાત કરી છે કે હવે તમામ મદરેસામાં પ્રાર્થના ગીત તરીકે વંદે માતરમ ફરજિયાત રહેશે. મદરેસા શિક્ષણ વિભાગે એક નિર્દેશ જારી કર્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે, હવેથી, લઘુમતી બાબતો અને મદરેસા શિક્ષણ વિભાગ હેઠળની સંસ્થાઓમાં વિદ્યાર્થીઓએ વર્ગો શરૂ કરતા પહેલા વંદે માતરમ ગાવાનું રહેશે, આ નવો આદેશ  અગાઉની માર્ગદર્શિકા અને પ્રથાઓમાં પરિવર્તન દર્શાવે છે.

# DAY IPL

IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સ આજે સાંજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. ગુજરાત ટાઇટન્સ પ્લેઓફમાં સ્થાન મેળવી ચૂક્યું છે, જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાન માટે તનતોડ મહેનત કરશે.

કોલકાતા નાઈટ રાઈડર્સે ગઈકાલે મુંબઈ ઈન્ડિયન્સ સામે ચાર વિકેટથી વિજય મેળવીને પ્લેઓફમાં પોતાની આશા જીવંત રાખી હતી. વરસાદથી પ્રભાવિત મેચમાં 148 રનના લક્ષ્યનો પીછો કરતા, કોલકાતા નાઈટ રાઈડર્સે સાત બોલ બાકી રહેતા લક્ષ્ય હાંસલ કરી લીધું. મનીષ પાંડેએ સૌથી વધુ 45 રન બનાવ્યા, જ્યારે રોવમેન પોવેલે પીછો કરવામાં 40 રન ઉમેર્યા. મનીષ પાંડેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.